| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૨૦/૦૫/૨૦૨૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૭૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૧ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૩ બિયર ટીન, ૦૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૬૮૧/૨૦૨૫**

**ગુજરાત યુનિવર્સીટીઃ** એલ.ડી.એન્જીનિયરીંગ કોલેજ ખાતે સહાયક અધ્યાપક તરીકે નોકરી કરતા સુલયકુમાર નિરંજનકુમાર પટેલ (ઉ.વ.૩૭) (રહે.કાવેરી સંગમ એપાર્ટમેન્ટ, એસ.પી.રીંગ રોડ, શિલજ) એ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર/૨૦૨૨ થી નવેમ્બર/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી સૌરભ પવનકુમાર ત્રિવેદી (રહે.એકતા એપાર્ટમેન્ટ, વિષ્ણુ પાર્ક સોસાયટી, ભઇચાનગર, પુણા ગામ, સુરત) એ એલ.ડી.એન્જીનિયરીંગ કોલેજ ખાતે આવી, “ફોનીક્સ એન્ટરપ્રાઇઝ નામની કંપનીમાં ઇન્વેસ્ટમેંટ કરશો તો સારો ફાયદો થશે” તેમ કહી સુલયકુમાર પટેલને વિશ્વાસમાં લઇ તેમની પાસેથી રોકડ રૂપિયા તેમજ વધુ ઇન્વેસ્ટમેંટ કરવા સારૂ લોન મંજુર કરાવડાવી લોનના રૂપિયા મળી કુલ રૂપિયા ૬૮,૯૪,૧૭૦/- મેળવી લઇ, ઇન્વેસ્ટમેંટનું કોઇ વળતર નહી આપી તેમજ રૂપિયા પરત નહી કરી સુલયકુમાર પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.જાડેજા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૬૮૨/૨૦૨૫**

**સરદારનગરઃ** અમીતભાઇ સ/ઓ સુરેશભાઇ મોદી (ઉ.વ.૪૫)(રહે, રત્નરાજ ગ્રીન, સી.એન.જી પંપ પાછળ, ન્યુ શાહીબાગ, રીંગ રોડ સર્કલ, નાના ચિલોડા) એ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૫/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પ્રેમપ્રકાશ આશ્રમની આગળ ભગવતીનગર ખાતે પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ અમીતભાઇ મોદીના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એ.શાહ ચલાવે છે.

**બળજબરીથી કઢાવી લેવુઃ–** **સમાચાર યાદી નં.૬૮૩/૨૦૨૫**

**આનંદનગરઃ** ધ્રુતેન સ/ઓ શશીકાંતભાઇ પટેલ (ઉ.વ.૨૭)(રહે.બાજીગર સોસાયટી, આનંદનગર ફ્લેટ પાછળ, આનંદનગર) એ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૦૩/૨૦૨૫ થી તા.૧૮/૦૫/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ ફોન નંબર ૮૭૮૦૭૪૦૧૭૧ ઉપરથી વાત કરનાર આરોપી અજય રાઠોડ તથા બે અજાણ્યા ઇસમો (જેના પુરા નામ–સરનામાની ખબર નથી) એ ભેગામળી "વોલ્સ ચાટ એન્ડ ડેટીંગ" નામની એપથી ધ્રુતેન પટેલનો મોબાઇલ ફોન ઉપર સંપર્ક કરી, આનંદનગર બાજીગર સોસાયટીના પીજી ની બહાર તથા અન્ય જગ્યાએ ધ્રુતેન પટેલને પોતાની ઓળખ પોલીસ તરીકેની આપી, લોખંડની ચોરીના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી, ધ્રુતેન પટેલ પાસેથી રોકડ રૂપિયા તેમજ ગુગલ પે, ક્રેડીટ કાર્ડ, ડેબીટ કાર્ડ દ્વારા કુલ રૂપિયા ૫,૯૦,૦૦૦/–બળજબરીથી કઢાવી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.આર.ચાંદુ ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૬૮૪/૨૦૨૫**

**કાગડાપીઠઃ** મંજુબહેન વા/ઓ રસીકભાઇ ગજણ (ઉ.વ.૪૦)(રહે.અપાસરા શેરી, આંબલી ચોક, ચોટીલા મંદિર સામે, ચોટીલા, જી.સુરેન્દ્રનગર) તા.૧૯/૦૪/૨૦૨૫ સાંજના ૬/૦૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન લાલદરવાજા A.M.T.S. બસ સ્ટેન્ડ થી વસ્ત્રાલ જતી રૂટ નં.૧૪૨ ની બસમાં સારંગપુર, ન્યુ કલોથ માર્કેટ સુધીની મુસાફરી દરમ્યાન રસ્તામાં કોઇ અજાણી વ્યક્તિએ મંજુબહેનની નજર ચૂકવી તેમના પાકીટમાંથી રોકડ રૂપિયા ૫૦,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ છે. આ અંગેની ફરીયાદ મંજુબહેન ગજણ એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.ચૌહાણ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૬૮૫/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** રિષભ દીપેશ મિત્રા (ઉ.વ.૨૨)(રહે.ઇન્દ્રવિહાર સોસાયટી, સરદાર મોલ સામે, ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૫/૨૦૨૫ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જામસિંહ રણુભા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેકટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી